


ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને વર્તમાનમાં મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ વિશે આલેખિત પુસ્તક 'આનંદીબેન પટેલ - કર્મયાત્રી' નામના પુસ્તકનું વિમોચન રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, જાણીતા કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા તથા ગૌતમભાઈ શાહ અને જય વસાવડા તથા અન્ય ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

# નર્મદા કેનાલથી પાણીની ચોરી ના થાય તે માટે જવાનો તૈનાત

અમદાવાદ,તા. ૧૭

સમગ્ર ગુજરાત રાજયમાં ગઈકાલથી ખેડૂતોને ઉનાળુ ખેતી માટે નર્મદા ડેમમાંથી સિંચાઈનું પાણી આપવાનું રાજય સરકાર દ્વારા બંધ કરાતાં રાજયભરના ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ફેલાયો છે. આજે છોટા ઉદેપુર ખાતે તો સેંકડો ખેડૂતોએ એકત્ર થઈ દેખાવો અને વિરોધ પ્રદર્શન કરી પોતાનો આક્રોશ વ્યકત કર્યો હતો. આવનારા દિવસોમાં આવા જ દ્રશ્યો રાજયના બીજા પંથકોમાં જોવા મળે તો નવાઈ નહી. બીજીબાજુ, રાજય સરકાર દ્વારા રાજયમાં નર્મદા કેનાલમાંથી પાણીની ચોરી ના થઈ શકે તે માટે ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમવાર જળ પર પોલીસનો જાપ્તો ગોઠવાયો છે.

નર્મદા કેનાલના ૪૫૩ કિલોમીટરના સમગ્ર રૂટમાં ૫૦થી વધુ જુદા જુદા પોઈન્ટ પર ૯૦૦થી વધુ પોલીસ અને એસઆરપી જવાનોને ૨૪ કલાક જાપ્તા માટે તૈનાત કરાયા છે. ખાસ કરીને રાત્રિના સમયે પાણીની ચોરી ના થાય તેનું ધ્યાન રાખવાના સરકાર દ્વારા કડક આદેશો આપવામાં આવ્યા છે. નર્મદા કેનાલમાંથી પાણીની ચોરીને અટકાવવા રાજય સરકાર દ્વારા સૌપ્રથમવાર નર્મદા ખાતે એસઆરપી બટાલિયનનું વડુમથક ઉભુ કરવામાં આવ્યું છે અને પાણી પર લોખંડી પહેરો ગોઠવી દેવાયો છે. તો, ૭૫૦ જેટલા અધિકારીઓ સમગ્ર વોચની પ્રક્રિયામાં સીધી કે આડકતરી રીતે જોતરી દેવાયા છે. એટલું જ નહી, કેવડિયાથી બનાસકાંઠા સુધી ૫૦થી વધુ સુરક્ષા જવાનો અને સૌરાષ્ટ્ર કેનાલના પોઈન્ટો પર ૧૧૭ જેટલા જવાનો ૨૪ કલાક સતત પેટ્રોલીંગ કરી રહ્યા છે. પાણીની ચોરી અટકાવવાની સુરક્ષા ટીમોમાં એક પીઆઈ, ત્રણ પીએસઆઈ અને સંખ્યાબંધ એસઆરપી જવાનોને સામેલ કરાયા છે. હાલ નર્મદા કેનાલમાંથી ડેડસ્ટોક જથ્થાનો ઉપયોગ કરી માત્ર પીવાનું જ પાણી અપાઈ રહ્યું છે અને પાણીની તંગી અને અછતની સ્થિતિ જોતાં ખેડૂતોને સિંચાઈનું પાણી આપવાનું ગઈકાલથી બંધ કરી દેવાયું છે, જેને લઈ રાજયભરના ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ફેલાઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે, સરદાર સરોવર નિગમ લિમિટેડના સત્તાવાળાઓએ પાણીની તંગી અને ઘટેલા સ્તરને જોતાં ખેડૂતોને તેમની પાસે સ્થાનિક સ્તરે જો પાણીની પૂરતી અને યોગ્ય વ્યવસ્થા ના હોય તો આ વર્ષે ઉનાળુ પાક ના લેવાની અપીલ કરી છે. સિંચાઈનું પાણી બંધ કરવા પાછળ નિગમના સત્તાવાળાઓએ પાણી નહી આપવા પાછળ એવો બચાવ રજૂ કર્યો હતો કે, ગત ચોમાસામાં નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ઓછા વરસાદને પગલે હાલ ડેમમાં પાણીનું સ્તર ઘટી ગયું છે અને તેથી પાણીના જથ્થામાં ભારે ઘટાડો નોંધાયો છે. હાલ નર્મદા ડેમમાં માત્ર ૪૫ ટકા જ પાણી બચ્યું છે. નર્મદા ડેમમાંથી માત્ર પીવાનું ચાર હજાર કયુસેક જેટલું પાણી પૂરૂ પાડી શકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજયમાં ખેડૂતોને નર્મદામાંથી સિંચાઈનું પાણી મળવાનું નહી હોવાથી પાણીની કેનાલ અને અન્ય સ્ત્રોતમાંથી પાણીની ચોરી ના થાય તે માટે સરકારના સત્તાવાળાઓએ પોલીસ પહેરો-જાપ્તો તૈનાત કર્યો છે તેમાં ખાસ કરીને અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, ધોળકા સહિતના પંથકોમાં પાણીની ચોરી ના થાય તે માટે સરકાર દ્વારા પાણી પર પહેરો એટલે કે, પોલીસનો જાપ્તો બેસાડવામાં આવ્યો છે.

બીજીબાજુ, આજે છોટા ઉદેપુર ખાતે ખેડૂતોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ સરકાર વિરોધી દેખાવો અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ખેડૂતોએ પોતાની વેદના ઠાલવી હતી કે, તેઓએ દેવું લઈ મકાઈ, ડાંગર અને કપાસની ખેતી કરી હતી અને હવે પાક તૈયાર થવાના આરે છે ત્યારે સરકારે નર્મદાનું પાણી આપવાનું બંધ કરી દેવાની જાહેરાત કરતાં તેમનો મરો થયો છે. તૈયાર થયેલો પાક પાણીના અભાવે સૂકાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે અને ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવશે. ખેડૂતોએ સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# ખેડબ્રહ્માના ગુણભાખરી ગામે આદિવાસીઓનો ચિત્ર-વિચિત્ર મેળો

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના ગુણભાખરી ગામ પાસે આદિવાસીઓનો ચિત્ર-વિચિત્ર



મેળો યોજાયો. સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના ગુણભાખરી ગામ પાસે મહાભારતકાળથી સાબરમતી નદીનો ત્રઈવેણી સંગમ વહે છે. જ્યાં વર્ષોથી ચીત્રવિચીત્ર નામે મેળો ભરાય છે. અહીં આદિવાસી પ્રજા પોતાના મૃત સ્વજનોની આત્માની મુક્તિ માટે પૂરી રાત નદીના પટમાં અસ્થી લઈ સ્વજનોને યાદ કરે છે અને સવારે અસ્થીવિસર્જન કરી પોતાના સ્વજન માટે મોક્ષની યાચના કરે છે. જેમાં આદિવાસી મહિલાઓ પોતાના મૃત સ્વજનને યાદ કરી એકબીજાને ભેટીને રડે છે. આ મેળામાં ગુજરાત અને રાજસ્થાનના આદિવાસીઓની લોકસંસ્કૃતિના દર્શન કરવા મળે છે.

લોકવાયકા મજુબ ભિષ્મના સાવકા ભાઈ-હસ્તિનાપુરના રાજા શાન્તનુના બે કુંવરો ચિત્ર અને વિચિત્ર વીર્ય આ જગ્યાએ આવીને પારસ પીપળાના ઝાડમાં થડના પોલાણમાં પ્રેશીને આગ સળગાવી હોમાઈ ગયા હતા. તેમના નામ પરથી આ સ્થળનું ચિત્ર-વિચિત્ર મહાદેવ નામ પડ્યુ હોવાની દંતકથા છે.

આ મેળામાં આમ તો સ્નાનનો મહિમા છે. લોકો ત્રિવેણી નદીમાં સામુહિક સ્નાન કરી પાસે આવેલા મહાદેવના મંદિરમાં પૂજાઅર્ચના કરે છે. આ લોકો મેળામાં નૃત્ય અને ધાર્મિક માન્યતાનો સમન્વય જોવા મળે છે. મેળામાં પાનની દુકાનો, ચકડોળો તેમજ જીવન જરૂરીયાત ચીજોની દુકાનો જોવા મળે છે. આ મેળાને મહાલવા વિદેશી સહેલાણીઓ પણ મોટી સંખ્યામાં આવે છે.

# વણિયાદ ગામે ખેતરમાં લટકતા વીજવાયરમાં સ્પાર્ક થતા ૪ વીઘામાં ઘઉંનો પાક બળીને ખાખ

વાણિયાદ, તા. ૧૭

રવિ સિઝનનો મુખ્ય પાક ઘઉંની લણણીની શરૂઆત થઈ



ગયી છે ત્યારે ખેતરો લહેરાતા ઘઉંના પાક પર ખેતરોમાંથી પસાર થતા વીજ વાયરો માં સ્પાર્ક થતા બળીને ખાખ થઈ જવાની ઘટનાઓ ઠેર ઠેર બનતા ખેડૂતોમાં વીજતંત્રની લાલીયાવાડી સામે ભારે આક્રોશ ફેલાયો છે. વણિયાદના વાળંદ પરિવારના ૫ ભાઈના ૪ વીઘા સામુહિક ખેતરમાં ઉભા ઘઉં વીજતારમાં સ્પાર્ક થતા બળીને ખાખ થઈ જતા ભારે અફડાતફડી મચી હતી ઘઉંના ખેતરમાં આગ લાગવાની ઘટનાને પગલે ૨૦૦થી વધુ ગામ લોકો દોડી આવી ટેન્કર અને કૂવાના પાણી વડે આગ પર કાબુ મેળવવામાં સફળતા મળતા આજુબાજુના ખેતરોમાં રહેલા ઘઉં સહિતના પાકનો આબાદ બચાવ થયો હતો.

વણિયાદ ગામના રસીકભાઈ બહેચરભાઈ, મનીષભાઈ ભીખાભાઈ, પરષોત્તમભાઈ નાનાભાઈ, બાબુભાઈ હીરાભાઈ, અંબાલાલ હીરાભાઈ વાળંદના ૪ વીઘા ખેતરમાં ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું. ચારેક મહિનાની ભારે જહેમત બાદ ખેતરમાં લહેરાતા ઘઉંના ના પાકમાં શનિવારે ખેતરમાંથી પસાર થતા લચકાતા વીજવાયરો સામાન્ય પવનના લીધે ભેગા થઈ જતા તણખલા ઝરતા ઘઉંના ઉભા પાકમાં આગ લાગતા અને પવનના લીધે ભડભડ સળગવાની સાથે આખા ખેતરમાં આગ પ્રસરી ઘઉં બળીને ખાખ થઈ ગયા હતા ઘટનાની જાણ ગામમાં થતા ખેતરમાલિક સહીત આજુબાજુમાંથી ગામ લોકો દોડી આવી કૂવાના પાણી ટેન્કરમાં ભરી આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. વીજફોલ્ટના પગલે ખેડૂતના ઘઉં બળીને ખાખ થઈજાતા ખેડૂતના માથે આભ તૂટી પડ્યું હતું. વીજતંત્રની બેદરકારીના પગલે ખેડૂતને વેંચતા ઘઉં ખરીદવાનો વારો આવ્યો હતો વીજતંત્ર કે સરકાર દ્વારા આગ લાગવાથી ખેડૂતોને સહન કરવી પડતી નુકશાની ભરપાઈ કરવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ પ્રબળ બની છે.

# એલ્યુમિનિયમ રિસાઈકલીંગ ઈન્ડ્રસ્ટ્રીઝ હાલમાં ખતરામાં

એકબાજુ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેક ઈન ઈન્ડિયા અને રિસાઈકલના આર ને સિક્સ આરની થિયરીમાં ચરિતાર્થ કરવાની મસમોટી જાહેરાતો કરી રહ્યા છે ત્યારે બીજીબાજુ ખુદ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને બ્યુરોક્રેટ્સની ઘોર ઉપેક્ષા અને ગંભીર અનદેખી કરવાને પગલે આજે દેશનો એલ્યુમિનિયમ રિસાઈકલીંગ ઉદ્યોગ ગંભીર ખતરામાં આવી ગયો છે. એલ્યુમિનિયમ સ્ક્રેપની કસ્ટમ્સના અધિકારીઓ દ્વારા આડેધડ અને મનસ્વી આકારણી અને જીએસટીના બમણા મારથી એલ્યુમિનિયમ રિસાઈકલીંગ ઈન્ડસ્ટ્રીઝની કમર તૂટી ગઈ છે અને હવે બંધ થવાના ભણકારા વાગી રહ્યા છે ત્યારે જો હજુપણ કેન્દ્ર સરકાર સમયસર નહી જાગે અને હકારાત્મક અભિગમ અપનાવી તાત્કાલિક નિર્ણય નહી લે તો એલ્યુમિનિયમ રિસાઈકલીંગ ઈન્ડસ્ટ્રીઝ ખતમ થવાની સાથે સાથે કેન્દ્રને કરોડો રૂપિયાનો રેવન્યુ લોસ, લાખો લોકોની બેરોજગારી, વૈશ્વિક સ્તર પર દેશની છબી ખરડાવી અને બેંકોની એનપીએમાં નોંધનીય વધારો સહિતના અનેક પ્રશ્નો સર્જાશે એમ અત્રે ઓલ ઈન્ડિયા નોન ફેરસ મેટલ એસોસીએશન(એનમા)ના પ્રમુખ મહેન્દ્રભાઈ શાહ અને સેક્રેટરી જયંતભાઈ જૈને જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતમાં એલ્યુમિનિયમના રિસાઈકલીંગ સાથે અંદાજે પાંચ હજારથી વધુ નાના અને મધ્યમ ઉદ્યોગો અને અતિ નાના ઉદ્યોગો સંકળાયેલા છે. એલ્યુમિનિયમનો ભંગાર રિસાઈકલીંગ ઉદ્યોગ માટેનો મુખ્ય કાચો માલ છે. અત્યારે મોટાભાગનો સ્ક્રેપનો માલ આયાત જ કરવો પડે છે કારણ કે, ભરતમાં એકસમાન અને સારી ગુણવત્તાનો એલ્યુમિનિયમનો સ્ક્રેપ-ભંગાર મળતો નથી. સૌથી મોટો અને ગંભીર પ્રશ્ન એ છે કે, ભારતમાં આયાત કરવામાં આવતા એલ્યુમિનિયમ સ્ક્રેપની આકારણી ટ્રાન્ઝેકશન વેલ્યુના આધારે કરવાના બદલે કસ્ટમ્સના અધિકારીઓ તેમની રીતે મનફાવે એ રીતે અને ડાયરેકટોરેટ ઓફ જનરલ ઓફ વેલ્યુએશન(ડીજીઓવી)ના વર્ષો જૂના જારી એક સરકયુલરના આધારે બહુ ઉંચી આકારણી કરવામાં આવે છે. જેના કારણે એલ્યુમિનિયમ રિસાઈકલીંગ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગકારો-ટ્રેડર્સ ઉંચી કસ્ટમ્સ ડયુટી અને ૧૮ ટકા જીએસટીના બેવડા મારથી ત્રસ્ત થઈ પડી ભાંગ્યા છે. છેલ્લા છ મહિનામાં જ એલ્યુમિનિયમ સ્ક્રેપમાં મેટ્રીક ટન દીઠ તેની આકારણી ૨૦થી ૪૦ ટકા એટલે કે, મેટ્રીક ટન દીઠ અંદાજે ૩૦૦થી ૭૦૦ અમેરિકી ડોલર આંકવામાં આવતાં ઉદ્યોગો પર અસહ્ય અને કમરતોડ બોજો પડયો છે કારણ કે, આયાત કરેલા એલ્યુમિનિયમ સ્ક્રેપમાંથી તૈયાર કરાતી પ્રોડકટ્સમાં થતી મૂલ્યવૃધ્ધિ બહુ જ ઓછી એટલે કે, માત્ર ૧૦થી ૧૨ ટકાની છે.

# પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વાઈસ ચેરમેન નિમાયા

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના વાઈસ ચેરમેન માટેની ચૂંટણી યોજાઈ હતી. જેમાં માત્ર એક જ ઉમેદવારી ફોર્મ ભરતાં કાળુસિંહ ગમાનસિંહ રાઠોડને બીન હરીફ જાહેર કર્યા હતા.

પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે આજે માર્કેટ યાર્ડના ચેરમેન રાજેશકુમાર મણીલાલ પટેલ તથા માર્કેટયાર્ડના સેક્રેટરી શૈલેષભાઈ પટેલના અધ્યસ્થાનમાં વાઈસ ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં વાઈસ ચેરમેન પદના ઉમેદવાર માટે માત્ર એકજ ઉમેદવારી ફોર્મ ભરાતા અન્ય કોઈ ઉમેદવારી ના હોવાથી માર્કેટયાર્ડના ચેરમેને રાજુકુમાર દ્વારા કાળુસિંહ ગમાનસિંહ રાઠોડને બિન હરીફ જાહેર કર્યા હતા. નવા નિમાયેલ વાઈસ ચેરમેનને સાથી ડિરેકટરો રણજીતસિંહ, રાજુભાઈ શાહ તથા



ચેરમેન, સેક્રેટરી સહિત ફુલહાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, નિર્ભયસિંહ સહિત ઉપસ્થિત રહીને નવા નિમાયેલા વાઈસ ચેરમેનને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

# ઉભારણ દેનાબેંકના મેનેજરે એટીએમમાં મુકવાના રૂપિયા ૮.૧૩ લાખ ખિસ્સામાં સેરવી લેતા પોલીસ ફરિયાદ

અરવલ્લી, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ઉભારણ દેના બેંકના મેનેજર માધવચન્દ્ર મુર્મુએ એટીએમમાં ભરવાના રૂપિયામાંથી ૮.૧૩ લાખ રૂપિયાનું બારોબારીયું કરી નાખતા આ અંગેની જાણ હેડ ઓફિસને થતા તાબડતોડ બેંકના ઉપરી અધિકારીઓ ઉભારણ ખાતે દોડી આવી તપાસ હાથ ધરાતા એટીએમમાં મુકવાના રૂપિયા પર દાનત બગાડી ખિસ્સામાં મૂકી દઈ ચોરી કરી હોવાનું ધ્યાને આવતા તાત્કાલિક લાખ્ખો રૂપિયાનું ગફલુ કરનાર મેનેજરને સસ્પેન્ડ કરી વિજલન્સ ઓફિસર આનંદ વિકાસ શેખ દ્વારા માલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે મેનેજરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




અરવલ્લી જીલ્લાની ગ્રામ્ય વિસ્તારોમાં છાસવારે બેન્કના અધિકારીઓ અને કર્મચારીઓ એનકેન પ્રકારે બેંકમાં કૌભાંડ આચરવામાં ફાવટ આવી ગઈ હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. થોડાક દિવસ અગાઉ ખંભીસર સેવા સહકારી મંડળીમાં કરોડથી વધુ રૂપિયાનું કૌભાંડ સેક્રેટરી અને બેંકના અધિકારીઓની મીલીભગતથી આચરવામાં આવ્યું હોવાની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યારે માલપુર તાલુકાના ઉભારણ ગામની દેનાબેંકના મેનેજર માધવચન્દ્ર મુર્મુએ એટીએમ મુકવાના ૮.૧૩ લાખ રૂપિયા એટીએમની ચાવી અને પાસવર્ડ તેની પાસે હોવાથી તા.૧૫-૦૧-૨૦૧૮થી ૧૨-૦૩-૨૦૧૮ સમયગાળા દરમિયાન એટીએમમાં ભરવાના રૂપિયાના ખિસ્સામાં સેરવી લીધા હોવાનું બેન્ક સત્તાવાળાઓને ધ્યાને આવતા બેંકે વિજિલન્સની તપાસ બેસાડતા મેનેજરનું ગફલુ પકડાઈ જતા બેંક દ્વારા મેનેજર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા માલપુર પોલીસે મેનેજરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# વિદ્યાપીઠ નજીક ક્રુર હત્યામાં વપરાયેલુ બાઈક મળી આવ્યું

અમદાવાદ,તા. ૧૭

શહેરના આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસેના પોશ એરિયામાં જાહેરમાં કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા એક આંગડિયા પેઢીના કર્મચારીઓ દ્વારા પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કરીને મોતને ઘાટ ઉતારવાના ચકચારભર્યા પ્રકરણમાં પોલીસે ગુનામાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલુ એક બાઈક મેઘાણીનગર વિસ્તારમાંથી કબ્જે કર્યુ છે. પોલીસ તપાસમાં એ હકીકત પણ સામે આવી હતી કે, બનાવના એક દિવસ પહેલાં જ આ બાઈક ચાંદખેડા વિસ્તારમાંથી ચોરી થયું હતું. જો કે, હજુ સુધી પોલીસ આરોપીઓ સુધી પહોંચી શકી નથી. પોલીસે તપાસમાં પ્રાપ્ત થયેલી કડીઓ અને ઈનપુટ્સના આધારે આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ગઈકાલે શહેરની રતનપોળમાં આવેલી પટેલ અંબાલાલ હરગોવિંદદાસ આંગડિયા પેઢીમાં કામ કરતા કર્મચારી અરવિંદભાઈ પટેલ(ઉ.વ.૫૦) વહેલી સવારે ૭-૦૦ વાગ્યાની આસપાસ આંગડિયાનો થેલો લઈ મહેસાણા-પાલનપુર જવા માટે નીકળ્યા હતા ત્યારે આશ્રમરોડ પર ગુજરાત વિદ્યાપીઠ પાસે મહેસાણા-પાલનપુર જવાના એસટી બસ સ્ટેન્ડ નજીક ઉભા હતા. અરવિંદભાઈ એસટી બસની રાહ જોઈને ઉભા હતા ત્યારે અચાનક જ બે બાઈક પર હેલ્મેટ પહેરીને આવેલા ચાર અજાણ્યા શખ્સોએ પહેલા હવામાં બે રાઉન્ડ ફાયરીંગ કરી અરવિંદભાઈ પાસેથી થેલો ઝુંટવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ અરવિંદભાઈએ હાથમાં થેલો છોડયો ન હતો, તેથી ઉશ્કેરાયેલા લૂંટારુ શખ્સોએ તેમની પાસેના રિવોલ્વર જેવા હથિયારમાંથી તેમના પર પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરીંગ કર્યું હતું. એક પછી એક એમ ત્રણ ગોળીઓ ધરબાઈ જતાં અરવિંદભાઈ ત્યાં જ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડયા હતા અને લુંટારાઓ રૂ.૫.૧૦ની રોકડ ભરેલો થેલો ઝુંટવી નાસી છૂટયા હતા.

## મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલું...

નવી ઘટનાઓ ઘટવી. આવી નાની નાની બાબતો વાર્તારસને ક્ષતિ પહોંચાડે છે. જો કે અમૃતભાઈ દ્વારા આ વાર્તાનું સર્જન લગભગ વીસેક વર્ષ અગાઉ થયું છે. સર્જનનો પ્રથમ તબક્કો છે. આમ છતાંય ભાષાની સાથે - કથારસની સાથે નિસબતપૂર્વક કામ પાર પાડ્યું છે. ગ્રામજીવન અને શહેરી સંસ્કૃતિના સંસ્કારો ઝીલીને સર્જક કલમને અભિવ્યક્તિનું માધ્યમ બનાવે છે. વળી રેવન્યુ વિભાગમાં સરકારી નોકરીને કારણે અનેક માણસોને ખુબ નજીકથી ઓળખવાની ક્ષમતાનો લાભ અહી વાર્તાઓને મળ્યો છે. લેખક ખુદ કહે છે કે 'આજના સમયે આ વાર્તાઓ પ્રસ્તુત ના પણ લાગે' પરંતુ સમય આજે ભલે બદલાયો હોય પણ આપણા તળના સંસ્કારો, આદર્શો કે મૂલ્યો તો આવા કથા સાહિત્ય દ્વારા જ જીવંત રહેવાના છે. એ દૃષ્ટિએ આ વાર્તાઓ જે તે સમયની લાગણીઓનો, ભાવનાઓનો મહામૂલો દસ્તાવેજ ગણી શકાય. કોઈપણ જાતના ભાષાના કે કલ્પનોના કે મીથના દેખાડા વિના – પ્રયોગખોરીની આંટીઘૂંટીમાં અટવાયા વિના, કોઈ ઊંચું લક્ષ્ય સાધવાની ઈચ્છા વિના સર્જાયેલી આ વાર્તાઓ ભલે પરંપરિત શૈલીની હોય પણ વાર્તા લેખે એ વાચકોને સંતોષ આપે છે. એનાથી બીજું રૂડું શું હોઈ શકે?

મને શ્રદ્ધા છે કે અમૃતભાઈની કલમેથી હજી અનેક ઉત્તમ વાર્તાઓ સર્જાશે અને ગુજરાતી વાર્તાસાહિત્યમાં એમનું નામ ચિરંજીવ રહેશે.

## અહંકાર મુક્ત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં હાલમાં યોજાયેલી ચૂંટણીમાં પાર્ટીનો દેખાવ શાનદાર રહ્યો છે. જે લોકો અમારા અસ્તિત્વને ખતમ કરવાની દિશામાં આગળ વધી રહ્યા હતા તે લોકોને ખબર ન હતી કે કોંગ્રેસ પાર્ટીના લોકો દિલમાં રહે છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, અમે પ્રતિશોધ મુક્ત અને અહંકાર મુક્ત ભારત બનાવવાના પ્રયાસો કરીશું. સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રહારો કરતા કહ્યું હતું કે, અમે અહંકારી સરકારના ભ્રષ્ટાચારના પુરાવાની સાથે ખુલાસા કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૪માં આપવામાં આવેલા સબકા સાથ સબકા વિકાસ અને ન ખાઉંગા ઔર ન ખાને દુંગાના નારા ડ્રામેબાજી સાબિત થઈ રહ્યા છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, તેઓ પોતાના કાર્યકરોનો આભાર માનવા ઈચ્છુક છે. કાર્યકરો ખુબ વિપરીત પરિસ્થિતિ હોવા છતાં મક્કમતા સાથે ઉભા રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં જીત માટેની હાકલ કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીની જીત દેશની જીત રહેશે. કોંગ્રેસ પાર્ટી માત્ર એક પાર્ટીની નહી પરંતુ આગળની વિચારધારા છે. કોંગ્રેસ હંમેશા આંદોલનકારી પાર્ટી તરીકે રહી છે કારણ કે ૧૩૩ વર્ષથી પાર્ટી અસ્તિત્વમાં છે. તમામ લોકોને પાર્ટી પોતાનામાં શામેલ કરતી રહી છે. સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું હતું રાજનીતિમાં પ્રવેશ કરવાની કોઈપણ ઈચ્છા ન હતી. પરંતુ આખરે રાજનિતીમાં આવવાની ફરજ પડી હતી. ગાંધીએ કહ્યું હતું કે, તેમને બે દશક સુધી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ તરીકે રહેવાની ગૌરવ મળ્યું છે. ઉભી થયેલી પરિસ્થિતીઓના લીધે જાહેર જીવનમાં આવવાની ફરજ પડી હતી.

પાર્ટીની નબળી થતી સ્થિતિ વચ્ચે પાર્ટીની જવાબદારી સંભાળી હતી. તમામના સમર્થનના લીધે તેમને તાકાત મળી હતી. સોનિયા ગાંધીએ ૨૦૧૯માં ગઠબંધન મારફતે મોદી સરકારનો સામનો કરવાના સંકેત આપતા કહ્યું હતું કે, ૧૯૯૮થી ૨૦૦૪ વચ્ચેના ગાળામાં એક પછી એક પગલા ભરીને અનેક રાજ્યોમાં સરકારો બનાવી હતી. ૧૯૯૮માં પંચમઢીના ચિંતન શિબિરમાં ચર્ચા દરમિયાન એવી સર્વસંમતિ સધાઈ હતી કે કોંગ્રેસને બીજા પક્ષો સાથે ગઠબંધન કરવાની જરૂર નથી. ત્યારબાદ આગામી પાંચ વર્ષમાં સ્થિતિ બદલાઈ હતી. વર્ષ ૨૦૦૩ના શિમલા શિબિર દરમિયાન તેમના જેવી વિચારધારા ધરાવતી પાર્ટીઓ સાથે હાથ મિલાવવાનો નિર્ણય કર્યો હતો.

## પરીક્ષા સંપન્ન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ ૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી જયારે ૨૦૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.સામાન્ય પ્રવાહમાં આજે વાણિજય વ્યવસ્થા વિષયની વિદ્યાર્થીઓએ કસોટી આપી હતી. જેમાં જિલ્લામાંથી ૬૦૨૮ વિદ્યાર્થીઓ હાજર રહયા હતા તેમજ ૪૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે ૮ વિદ્યાર્થીઓએ ઉદ્યોગ સાહસિકતા વિષયની કસોટી આપી હતી. પરીક્ષા દરમિયાન કોઈ કોપી કેસ નોંધાયો ન હતો.

## વિશ્વમાં બાળકો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુલ્યે કરી આપવામાં આવે છે. તેમણે વધુમાં માહીતી આપતા જણાંવ્યુ હતુ કે સ્કુલ હેલ્થ પ્રોગ્રામ અન્વયે નારાયણી ક્લિનીક દ્વારા છેલ્લા બે મહીનામાં ૩ બાળકોના ઓપરેશન કરવામાં આવ્યા છે. તેમના કિલનીકમાં માનવી , સલોની અને કવિશા પ્રજાપતિ નામની બાળકીના ઓપરેશન કરી સાંભળતી અને બોલતી કરી દેવામાં આવી છે. બાળકોને આ પ્રકારની તકલીફ હોય તેવા કિસ્સામાં સે-૭ સ્થિત નારાયણી ઈ એન ટી ક્લિનીક અને કોકલીયર ઈમ્પલાન્ટ સેન્ટરનો સંપર્ક કરવા માટે તેમણે જણાંવ્યુ છે.

જેમાં અભિનવ ટ્રસ્ટનો સહયોગ પણ મુખ્ય છે. અભિનવ ટ્રસ્ટના પ્રમુખ તરીકે ડો અલ્પેશ પટેલ ઉમદા ફરજ બજાવી રહયા છે.

## દિશાની બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યોજના, શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશન-નેશનલ રૂર્બન મિશન, નેશનલ સોશયલ આસીસ્ટન્ટ પ્રોગ્રામ, નેશનલ રૂરલ ડ્રીંકીંગ વોટર પ્રોગ્રામ, ડિજીટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ, દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, ઉજ્જવલ ડિસ્કોમ એસ્યુરન્સ યોજના, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, નેશનલ હેલ્થ મિશન, સર્વ શિક્ષા અભિયાન, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સ્કીન, મીડ-ડે મીલ સ્કીમ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના, ડિજીટલ ઈન્ડિયા અને ટેલીકોમ, રેલવે, હાઈવેજ અને માઈન્સ યોજનાઓની જિલ્લામાં ડિસેમ્બર, ૨૦૧૭ અંતિત પ્રગતીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકના આરંભ સર્વે મહાનુભાવો અને અધિકારીઓનું સ્વાગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બ્રહ્મભટ્ટે કર્યુ હતુ. કાર્યક્રમના અંતે આભારવિધિ કલેક્ટર સતીષ પટેલે કરી હતી.

## મૌન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચેરમેન ભૂપેન્દ્રભાઈ પટેલ આવ્યા હતા. આજની બેઠકમાં સાંસદોની ગેરહાજરીને લઈ પણ ચર્ચાઓ સાંભળવા મળી હતી.

મળતી વિગતો પ્રમાણે અડવાણી બેઠકમાં પણ વધુ સમય સુધી મૌન રહ્યા હતા. તેમણે તંત્ર દ્વારા આપવામાં આવી રહેલી વિગતોની માત્ર જાણકારી મેળવી હતી પરંતુ અધ્યક્ષીય ટકોર કરવાથી તેઓ અળગા રહ્યા હતા. અડવાણીના આગમન સમયે પણ ભાજપના સ્થાનિક આગેવાનોની ગેરહાજરી નોંધનીય રીતે વર્તાતી જોવા મળી હતી.